# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

****************************************************

1) ઓપરેશન સિંદુર પર લોકસભામાં ચર્ચામાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે સરકારે પાકિસ્તાનને મજબૂત સંદેશ આપ્યો છે કે આતંકવાદ અને વાટાઘાટો સાથે ન ચાલી શકે
2) ચૂંટણી પંચને વિશેષ સઘન સમીક્ષા માટે બિહારની મતદાર યાદીનો મુસદ્દો પ્રકાશિત કરતું રોકવાનો સર્વોચ્ચ અદાલતનો ઇનકાર
3) મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમની મધ્યસ્થીમાં કંબોડિયા અને થાઇલેન્ડ "તાત્કાલિક અને બિનશરતી" યુદ્ધવિરામ માટે સંમત
4) સપ્તાહનાં પ્રથમ વેપાર સત્રમાં સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો અડધા ટકાથી વધુનાં ઘટાડા સાથે બંધ
5) દિવ્યા દેશમુખ FIDE મહિલા વિશ્વ કપ 2025માં જીત સાથે ગ્રાન્ડમાસ્ટરનો ખિતાબ જીત્યાં

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# LS- OP SINDOOR DISCUSSION-1

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં ભારતના મજબૂત , સફળ અને નિર્ણાયક ઓપરેશન સિંદૂર પર લોકસભામાં વિશેષ ચર્ચા ચાલી રહી છે. ચર્ચાની શરૂઆત કરતાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે સરકારે પાકિસ્તાનને મજબૂત સંદેશ આપ્યો છે કે આતંકવાદ અને વાટાઘાટો સાથે ન ચાલી શકે. તેમણે કહ્યું હતું કે , પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા કાયરતાપૂર્ણ હુમલાના જવાબમાં ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો અને 100થી વધુ આતંકવાદીઓને મારીને નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો.

ઓપરેશન સિંદૂર દરમિયાન સશસ્ત્ર દળોની બહાદુરીની પ્રશંસા કરતા સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે , દેશે એસ- 400 અને આકાશ મિસાઇલ સિસ્ટમ જેવી ઉચ્ચ કક્ષાની હવાઈ સંરક્ષણ પ્રણાલી સાથે પાકિસ્તાનના હુમલાનો અસરકારક રીતે સામનો કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પાકિસ્તાની હુમલામાં ભારતીય પક્ષની કોઈ પણ મહત્વપૂર્ણ સંપત્તિ નષ્ટ થઈ નથી. તેમણે એ દાવાને પણ નકારી કાઢ્યો હતો કે પાકિસ્તાન અને ભારત વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કોઈપણ પ્રકારના દબાણમાં કરવામાં આવી હતી

# LS- OP SINDOOR DISCUSSION-2

ચર્ચામાં દરમિયાનગીરી કરતાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું હતું કે , પહેલગામ હુમલા પછી સ્પષ્ટ , મજબૂત અને દ્રઢ સંદેશો આપવો મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે સરકારે પહેલગામ હુમલાની વૈશ્વિક સમજણને આકાર આપવા માટે લાંબા સમયથી સરહદ પારના આતંકવાદમાં પાકિસ્તાનની ભૂમિકા આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ રજૂ કરવા આ પગલું ભર્યું હતું.

ગૃહમાં બોલતા, કોંગ્રેસ નેતા ગૌરવ ગોગોઈએ જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા તંત્ર પર પ્રશ્નો ઉઠાવતા કહ્યું કે સરકાર પહેલગામમાં કાયરતાપૂર્ણ આતંકવાદી કૃત્ય માટે જવાબદાર આતંકવાદીઓને પકડવામાં અસમર્થ છે.

સમાજવાદી પાર્ટીના રામશંકર રાજભર, કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કલ્યાણ બેનર્જી , TDPના લાવુ શ્રીકૃષ્ણા , ભાજપના બૈજયંત પાંડા , લોકજનશક્તિ પાર્ટીના શાંભવી, કોંગ્રેસના દીપેન્દર સિંહ હુડ્ડા સહિતનાં અનેક નેતાઓએ ઓપરેશન સિંદૂર પર વક્તવ્ય આપ્યું હતું.

હાલ લોકસભામાં ચર્ચા ચાલુ છે, જે રાત્રે 12 વાગ્યા સુધી ચાલુ રહેશે.

. . .

# RS FINAL ADJOURN

વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના હોબાળા બાદ રાજ્યસભાને દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવી હતી. અગાઉ , જ્યારે બીજી વાર મોકૂફ રહ્યા બાદ બપોરે 2 વાગ્યે ઉપલા ગૃહની બેઠક મળી ત્યારે પીઠાસિન અધિકારી ભુવનેશ્વર કાલિતાએ કેરેજ ઓફ ગૂડ્ઝ બાય સી બિલ , 2025ને વિચારણા અને પસાર કરવા માટે લેવાનો પ્રયાસ કર્યો હતો , પરંતુ વિપક્ષે તેમનો વિરોધ ચાલુ રાખ્યો હતો.

હોબાળા વચ્ચે અધ્યક્ષે ગૃહને દિવસ માટે સ્થગિત કરી દીધું હતું. અગાઉ, સવારે 11 વાગ્યે ઉપલા ગૃહની બેઠક મળી ત્યારે એઆઈએડીએમકેના બે સાંસદો એમ. ધનપાલ અને આઈ. એસ. ઇનબાદુરાઇએ શપથ લીધા હતા. ઉપસભાપતિ હરિવંશે જણાવ્યું હતું કે , તેમને વિવિધ મુદ્દાઓ સાથે સંબંધિત વિવિધ રાજકીય પક્ષો તરફથી 26 સ્થગન નોટિસો મળી છે પરંતુ ચુકાદાને ટાંકીને નોટિસોને નકારી કાઢવામાં આવી હતી.

. . . . .

# J&K – ENCOUNTER

**ભારતીય** સેનાએ તેના એક્સ હેન્ડલ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ઓપરેશન મહાદેવ હેઠળ આજે શ્રીનગરના હરવાનના લિદ્વાસ વિસ્તારમાં અથડામણમાં ત્રણ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા છે. સેનાએ કહ્યું કે આ વિસ્તારમાં  હજુ પણ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

કાશ્મીરના આઇજીપીએ આકાશવાણી સમાચાર , શ્રીનગરને જણાવ્યું હતું કે મૃત આતંકવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે. આ પોસ્ટમાં 22 એપ્રિલ, 2025ના રોજ પહલગામ હુમલામાં  26 નાગરિકોની હત્યામાં તેમની સંડોવણીનો ઉલ્લેખ નથી.

. . . . . .

# SC - SIR BIHAR

સર્વોચ્ચ અદાલતે આજે ચૂંટણી પંચને વિશેષ સઘન સમીક્ષા માટે સૂચિત સમયપત્રક અનુસાર પહેલી ઓગસ્ટના રોજ બિહારની મતદાર યાદીનો મુસદ્દો પ્રકાશિત કરવાથી રોકવાનો ઇનકાર કર્યો હતો. ન્યાયમૂર્તિ સૂર્યકાંતને મુખ્ય ન્યાયાધીશ સાથે વહીવટી બેઠકમાં ભાગ લેવા જવાનું હોવાથી ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી સાથેની ખંડપીઠે વિગતવાર સુનાવણી કરી ન હતી.

જો કે , તેમણે અરજદારોને ખાતરી આપી હતી કે આ મામલાની વહેલી તકે સુનાવણી કરવામાં આવશે અને વકીલોને આવતીકાલ સુધીમાં દલીલો માટે જરૂરી અંદાજિત સમય દર્શાવવા જણાવ્યું હતું.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ વતી હાજર રહેલા વકીલ ગોપાલ શંકરનારાયણને અદાલતને ચૂંટણી પંચને મતદાર યાદીનો મુસદ્દો પ્રકાશિત કરતા અટકાવવાની વિનંતી કરી હતી અને દલીલ કરી હતી કે તેનાથી આશરે 4.5 કરોડ મતદારોને અસુવિધા થઈ શકે છે.

. . . . . . .

# CAMBODIA AND THAILAND AGREEMENT

મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમની મધ્યસ્થીમાં કુઆલાલુમ્પુરમાં થયેલી વાટાઘાટો બાદ કંબોડિયા અને થાઇલેન્ડ "તાત્કાલિક અને બિનશરતી" યુદ્ધવિરામ માટે સંમત થયા હતા.

એક સંયુક્ત અખબારી નિવેદન અનુસાર , મલેશિયાના પુત્રજયા શહેરમાં પ્રધાનમંત્રી ઇબ્રાહિમ દ્વારા આ વિશેષ બેઠકની અધ્યક્ષતા કરવામાં આવી હતી. કંબોડિયાના પ્રધાનમંત્રી હુન માનેટ અને થાઇલેન્ડના કાર્યકારી પ્રધાનમંત્રી કુમથમ વેચાચાઇએ આ ચર્ચામાં ભાગ લીધો હતો. બંને નેતાઓ સ્થાનિક સમય પ્રમાણે આજે રાત્રે 12 કલાકે યુધ્ધવિરામ માટે સંમત થયા હતા.

. . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

----------------------------------------

# SENSEX AND RUPEE

અને હવે વેપાર જગતનાં સમાચાર...

સપ્તાહનાં પ્રથમ વેપાર સત્રમાં સ્થાનિક ઇક્વિટી સૂચકાંકોએ આજે મોટાભાગના ક્ષેત્રોમાં વેચવાલી વચ્ચે અડધા ટકાથી વધુની ખોટ નોંધાવી હતી. પ્રથમ ત્રિમાસિક ગાળાની કમાણી અને ભારત-અમેરિકા વેપાર મંત્રણામાં ચાલી રહેલી અનિશ્ચિતતાને કારણે બજારનું સેન્ટિમેન્ટ નબળું રહ્યું હતું.

બોમ્બે સ્ટોક એક્સચેન્જ- BSEનો 30 શેરોનો ઇન્ડેક્સ, સેન્સેક્સ 572 પોઇન્ટ ઘટીને 80 હજાર 891 પર બંધ થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ફિફ્ટી 156 પોઇન્ટ ઘટીને 24 હજાર 681 પર બંધ રહ્યો હતો. બીએસઈના વ્યાપક બજાર સૂચકાંકો પણ નીચા સ્તરે બંધ થયા હતા. મિડ-કેપ ઇન્ડેક્સ 0.7 ટકા અને સ્મોલ-કેપ ઇન્ડેક્સ 1.3 ટકા ઘટ્યો હતો.

મહિનાના અંતે આયાતકારો તરફથી ડોલરની માંગ અને સ્થાનિક ઇક્વિટી બજારોમાં નકારાત્મક વલણ વચ્ચે વિદેશી વિનિમય બજારમાં રૂપિયો ડોલર સામે 14 પૈસા ઘટીને 86 રૂપિયા અને 66 પૈસા પર સ્થિર થયો હતો.

.....

# INDUSTRIAL PRODUCTION IN JUNE

આંકડા મંત્રાલય દ્વારા સોમવારે જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક ( IIP) પર આધારિત ભારતની ઔદ્યોગિક વૃદ્ધિએ આ વર્ષે જૂનમાં 1.5 ટકાની વૃદ્ધિ નોંધાવી છે. મે મહિનામાં તેણે 1.5 ટકાની વૃધ્ધિ નોંધાવી હતી. ફેક્ટરી ઉત્પાદનમાં 4.9 ટકાનો વધારો નોંધાયો છે.

આંકડા દર્શાવે છે કે દેશની યુનિવર્સિટીઓ અને ઇજનેરી સંસ્થાઓમાંથી પાસ થયેલા યુવા સ્નાતકો માટે ગુણવત્તાયુક્ત નોકરીઓ પ્રદાન કરતા ઉત્પાદન ક્ષેત્રે ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ આ વર્ષે જૂનમાં 3.9 ટકાની વૃદ્ધિ નોંધાવી છે. ખાણ ઉત્પાદનમાં 8.7 ટકા અને વીજ ઉત્પાદનમાં 2.6 ટકાનો ઘટાડો થયો હતો.

. . . . .

# SEBI-CAMPAIGN

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા - SEBI એ નેશનલ સ્ટોક એક્સચેન્જ- NSE ના સહયોગથી રોકાણકારોને વધતા નાણાકીય છેતરપિંડીથી બચાવવા માટે #SEBIvsSCAM નામનું રાષ્ટ્રવ્યાપી રોકાણકાર જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે.

આ અભિયાન એવા નિર્ણાયક સમયે શરૂ થયું છે , જ્યારે ડિજિટલ નાણાકીય છેતરપિંડી વધી રહી છે , જેમાં નકલી ટ્રેડિંગ એપ્લિકેશન્સથી લઈને ડીપ ફેક વીડિયો અને ગેરમાર્ગે દોરતા સ્ટોક ટિપ્સ સુધીના કૌભાંડો છે. આ અભિયાનનો હેતુ લોકોને સલામત રોકાણ પદ્ધતિઓ અને શંકાસ્પદ પ્રવૃત્તિઓને કેવી રીતે ઓળખવી અને તેની જાણ કરવી તે અંગે શિક્ષિત કરવાનો છે.

આ પહેલ ટેલિવિઝન , રેડિયો, પ્રિન્ટ, ડિજિટલ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને દેશભરના લોકો સુધી અનેક ભાષાઓમાં પહોંચશે. NSE SEBI ના માર્ગદર્શન હેઠળ ભૌતિક, ડિજિટલ અને હાઇબ્રિડ ફોર્મેટમાં રોકાણકાર જાગૃતિ કાર્યક્રમો પણ ચલાવશે.

.........

# CHESS  FIDE Women's World Cup

દિવ્યા દેશમુખ આજે FIDE મહિલા વિશ્વકપ 2025માં જીત સાથે ગ્રાન્ડમાસ્ટરનો ખિતાબ જીત્યાં છે. જ્યોર્જિયાના બટુમીમાં FIDE મહિલા વિશ્વ કપની ફાઇનલમાં દિવ્યાએ ભારતીય ખેલાડી કોનેરુ હમ્પીને હરાવીને આ ખિતાબ જીત્યો હતો.

આ મેચ ત્રણ દિવસ ચાલી હતી અને ટાઇબ્રેક્સ દ્વારા વિજેતા નક્કી કરવામાં આવ્યા. આ સિધ્ધિ સાથે દિવ્યા ચોથાં ભારતીય ગ્રાન્ડમાસ્ટર મહિલા બન્યાં છે. અગાઉ કોનેરુ હમ્પી , દ્રોનાવલ્લિ હરિકા અને આર વૈશાલી આ ખિતાબ હાંસલ કરી ચૂક્યા છે.

સમગ્ર વિશ્વમાં આ સિધ્ધિ મેળવનાર તેઓ 88મી વ્યક્તિ બન્યાં છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિવ્યા દેશમુખ અને કોનેરુ હમ્પીને વિજેતા અને ઉપવિજેતા બનવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

. . . . . .